




## ધાનેરાની કે.આર. આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં નવરાત્રી મહોત્સવ

ધાનેરામાં આવેલી કે.આર. આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેડિશનલ ડ્રેશ સજ્જ થઈ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ સહીત કોલેજના પ્રોફેસર પણ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. સમગ્ર દેશમાં નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ખેલૈયાઓ મનમુકીને ગરબે રમી રહ્યા છે અને લોકોમાં પણ ભારે નવરાત્રીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આવેલી કે.આર. આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેડિશનલ ડ્રેસ સજ્જ થઈ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ સહીત કોલેજના પ્રોફેસર પણ મન મુકીને ગરબે ઘુમ્યા હતા તો બીજી તરફ ટ્રેડિશનલ ડ્રેસ સજ્જ થઈ ગરબે રમતી કોલેજની યુવતીઓ કોલેજમાં ભારે આકર્ષણ જમાવ્યુ હતુ અને ગરબે રમવાની ખુશી કેમેરા સામે વ્યક્ત કરી હતી. કોલેજમાં યોજાયેલ નવરાત્રી મહોત્સવનો તમામ ખર્ચ વિવિધ વિદ્યાર્થી દ્વારા ઉપાડવામાં આવ્યો હતો. દાતા બની ખર્ચ ઉપાડનાર તમામ વિદ્યાર્થીઓનું કોલેજ પરિવાર દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# ડીસા નગરપાલિકાનું વીજ કનેક્શન કપાયું

ડીસા, તા. ૩

ડીસામાં યુ.જી.વી.સી.એલ. ફરી નગરપાલિકા કચેરી સહિત ચાર પાણીના બોરનાં વીજ કનેક્શન કાપી નાખ્યા છે. જેના કારણે




નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફીસર પુનઃ વીજ જોડાણ માટે દોડતા થઈ ગયા છે તેમજ કચેરીમાં વીજ કનેક્શન કપાતા કર્મચારીઓ પણ ગરમીના કારણે રવાના થઈ જતા પાલિકા સંકુલ ખાલી ખમ થઈ ગઈ હતી.

ડીસા નગરપાલિકાનું વીજ કનેક્શન ફરી કપાઈ ગયું છે. જો કે આ સમાચાર શહેરીજનો માટટે નવાનાથી કારણ કે અગાઉ પણ અનેક વાર વીજ કંપનીએ પાલિકાના વીજ જોડાણ કાપેલા છે. ત્યારે છેલ્લા ૧૮ મહિનાથી પાલિકા દ્વારા વીજ બિલન અનિયમિત ચુકવવામાં આવતું હતું અને તેથી એપ્રિલ ૨૦૧૫થી અત્યાર સુધીમાં વીજ બીલના ૭૨ લાખ રૂપિયાની વસુલાત બાકી છે. જેના માટે યુ.જી.વી.સી.એલ. દ્વારા ૨૫ વાર નોટિસ ફટકારવામાં આવી હતી. જ્યારે બે દિવસ અગાઉ

## ૨૫ નોટિસ આપવા છતાં વીજ બિલ ના ભરતા જીઈબી કાર્યવાહી

યુ.જી.વી.સી.એલ ૪૮ કલાકમાં બાકી નીકળતું વીજ બિલ મારી જાવ નહિતર વીજ કનેક્શન કાપી નાખવાની નોટિસ આપવા છતાં પાલિકાને બિલ ભરવમાં બેદરકારી દાખવતા આખરે યુ.જી.વી.સી.એલ. સોમવાર સવારે નગરપાલિકા કચેરી, સહિત ચાર પાણીના બોરનાં કનેક્શન કાપી નાખતા પાલિકા તંત્ર દોડધામ મચી ગઈ હતી. જ્યારે ચાર પાણીના બોરનાં કનેક્શન કાપી નાખતા શહેરના ૩૦ ટકા જેટલા વિસ્તારમાં પાણીની સમસ્યા સર્જાવાની ભિતી સેવાઈ રહી છે. ત્યારે પાલિકાનાં પ્રમુખ અને ચીફ ઓફિસરે તાત્કાલિક કપાયેલા વીજ કનેક્શન ફરી જોડાય તે માટે પ્રયાસો હાથ ધર્યા છે.

આ બાબતે યુ.જી.વી.સી.એલ. ડીસા શહેરના નાયબ ઈજનેર એન.એચ.પટેલ જણાવ્યું હતું કે ડીસા નગરપાલિકા છેલ્લા ૧૮ મહિનાથી વીજ બીલના અનિયમિત રીતે ભરતા વિજ બિલનાં ૭૨ લાખ રૂપિયાના ભરવાના બાકી નીકળતા હતા. જેના માટે અત્યાર સુધીમાં ૨૫થી પણ વધું વાર નોટિસ આપવા છતાં બિલ નાં ભરતા આજે પાલિકા કચેરી સહિત ચાર પાણીના બોરનાં કનેક્શન કાપી નાખ્યા છે અને જ્યાં બાકી નિકળતી રકમ નહીં ભરે ત્યાં સુધી વીજ જોડાણ કરવામાં નહીં આવે. સરકારી તંતર સામાન્ય નાગરીક સમયસર વેરો ન ભરે તો તેની મિલકતને સીલ મારવા સુધીની કાર્યવાહી કરતા ખચકાતું નથી. ત્યારે લાખો રૂપિયા વીજળી બીલ ભરવામાં પાલિકા તંત્ર પોતે બહાના બાજી ચલાવી રહ્યું છે. નગરજનોએ જણાવ્યું હતું કે પાલિકા



અમૂક વેરો તો સાવ ખોટી રીતે ઉઘરાવે છે અને તે ન ભરીએ તો કાર્યવાહી કરે છે તો પોતે જીઈબીનું વીજ બીલ ભરવામાં કેમ પાછી પાની કરે છે ? વળી નગરજનો પાસેથી વેરો ઉઘરાવવામાં શું પાલિકાના પાળે બોરના કનેક્શન કપાતા લોકોને વિતાવો કે પાણી માટે હાલાકી ભોગવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

### કોંગ્રેસના સમયનું બીલ બાકી છે : પ્રમુખ

આ બાબતે પાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ માળીએ જણાવ્યું હતું કે આ બીલ કોંગ્રેસના સમયથી બાકી અમારી બોડી દ્વારા નિયમિત બીલ ભરવામાં આવે છે.

# અરવલ્લી જિલ્લામાં સતત બીજા નોરતે વરસાદ વેરી બન્યો

## વરસાદી માહોલમાં ખેલૈયાઓએ ગરબા રમી નિરાશ વદને ઘરે પરત ફરવુ પડ્યુ હતુ

અરવલ્લી, તા. ૩

અરવલ્લી જિલ્લામાં શનિવારે પ્રથમ નોરતે વરસાદ વિઘ્ન બન્યા પછી રવિવારે દિવસે વાદળોની આવનજાવન વચ્ચે વાદળછાયુ વાતાવરણ રહેતા રાત્રીના સમયે ઠંડા પવનો સાથે વરસાદ વરસવાનુ શરૂ થતા સતત બીજા નોરતે નવરાત્રીની ગરબા રમવાની શરૂઆત કરી હતી પરંતુ વરસાદનું પ્રમાણ વધતા નિરાશ વદને ઘરે પરત ફરવુ પડ્યુ હતુ.




અરવલ્લી જિલ્લામાં મા અંબાના નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે અગાઉથી જ શાનદાર તૈયારીઓ કરવામાં આવી હતી. અને ગરબા રસિકોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો હતો. પ્રથમ નોરતાના દિવસે ખેલૈયાઓ ક્યારે સાંજ પડે અને ગરબા રમવાની રોહ જોતા હતા પરંતુ પ્રથમ નોરતે જ ગરબાની શરૂઆતમાં જ મેઘરાજાની સવારી આવી પહોંચતા ખેલૈયાઓએ ભારે હૈયે ગરબા રમ્યા વિના ઘરે પરત ફરવુ પડ્યુ હતુ.

અરવલ્લી જિલ્લામાં સતત બિજા નોરતે ગરબાના આયોજકોએ મા અંબાની આરતી ઉતારવાની શરૂઆત કરતાની સાથે જ શીતલહેરી પવનો અને વીજળીના ચમકારાઓની સાથે વરસાદે ઝરમર ઝરમર વરસવાનુ ચાલુ કરતા ખેલૈયાઓ અને આયોજકોમાં નિરાશા સાંપડી હતી. ગરબા રમવા ઉત્સાહી ખેલૈયાઓ અને નવરાત્રીના આયોજકોએ ચાલુ વરસાદે ગરબા રમવાની શરૂઆત કરી હતી પરંતુ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ગરબા રમવા આવેલા ખેલૈયાઓ નિરાશ થઈ ગયા હતા અને અન્ય નોરતાઓમાં પણ વરસાદ આવશે કે કેમ તેની ખેલૈયાઓમાં અને ગરબાના આયોજકોમાં ચિંતા જોવા મળી હતી. ગરબા રમાડવા આવેલી ઓરકેસ્ટ્રા અને તેના વાજીંત્રો સાથે સાજીંદાઓ પણ તેમની કલાકારી બતાવવા ન મળતા વિલા મોએ પાછા ફર્યા હોય તેવા ઘાટ સર્જાયા હતા.




અરવલ્લીમાં ક્ષત્રિય-ઠાકોર સેનાએ ગુજરાતને વ્યસનમુક્ત બનાવવા પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ લખ્યા

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ અને વ્યસનમુક્તિ માટે ઠોસ કાયદો બનાવવાની માંગ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોસ્ટકાર્ડ લખવાના કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના મોડાસા તેમજ અન્ય તાલુકાઓની તમામ ગામની માતા-બહેનો અને દીકરીઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૧૨૦૦૦થી વધુ ટપાલ લખી ૧-૧૦-૨૦૧૬ શનિવારના રોજ પોસ્ટકાર્ડ મોકલવામાં આવ્યા હતા. અરવલ્લી જિલ્લા પ્રમુખ સંજયજી ઠાકોર, મોડાસા તાલુકા પ્રમુખ જગદીશસિંહ, કનુસીંહ, જીતુસીંહ ઠાકોર દ્વારા ભારે જહેમત ઉઠાવી ૧૨૦૦૦ પોસ્ટકાર્ડ લખી અરવલ્લી જિલ્લામાં દારૂબંધી અંગે પ્રબળ માંગ કરી હતી.

## ભિલોડા અને વિજયનગર તાલુકાની આશા વર્કર બહેનોનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયના હોલમાં ભિલોડા અને વિજયનગર તાલુકાની આશા વર્કર બહેનોનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ગુજરાત રાજ્ય આરોગ્ય અને આંગણવાડી મહાસંઘ પ્રમુખ કિરણભાઈ કવી, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા આરોગ્ય સંઘના પ્રમુખ સંજયભાઈ બારોટ, દિપ્તીબેન સુથાર, ગંગાબેન ડામોર, નીતાબેન પ્રજાપતી, કોકીલાબેન પ્રજાપતી સહિત આશા વર્કર બહેનો, ફેસીલીટર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આશા વર્કર અને ફેસીલીટર બહેનોના જણાવ્યા મુજબ એક હજારની વસ્તી ઉપર રૂા.૧૦૦૦/-માનદ્ વેતન અને બાર હજારની વસ્તી ઉપર ફેસીલીટર બહેનોને રૂા.૪૦૦૦/-નું માનદ્ વેતન ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા આપવામાં આવે છે. આશા વર્કર અને ફેસીલીટર બહેનો સતત કામગીરી કરવામાં વ્યસ્ત રહેતી હોય છે ત્યારે માનદ્ વેતન ખુબ ઓછું મળે છે. ટી.એ.ડી.એ.ના બીલ પણ મળતા નથી ત્યારે આશા વર્કર બહેનોની સમસ્યા એવી છે કે ના ઘરના કે ના ઘાટના, ઘરના છોકરા ઘંટી ચાટેને ઉપાધ્યાયને આટો તેવી પરીસ્થિતીનું નિર્માણ થયું છે. આશા વર્કર બહેનો અને ફેસીલીટર બહેનોની આર્થિક સ્થિતી આ અસહ્ય કાળઝાળ મોઘવારીના જમાનામાં ખુબ કફોડી દિન-પ્રતિ-દિન બની રહી છે.

# સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત મહેસાણા જિલ્લો ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરાયો

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લામાં અર્બુદા હોલ ખાતે સ્વચ્છ ગ્રામિણક્ષેત્રની દિશામાં સહિયારી ઝુંબેશ કાર્યક્રમ અંતર્ગત ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત મહેસાણા જિલ્લા મહાઅભિયાનની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્ય સરકારના ગ્રામવિકાસ વિભાગ દ્વારા ૨૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન લોક સ્વચ્છતા ઝુંબેશ સપ્તાહ ઉજવણીનો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમની પુર્ણાહુતિ તેમજ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત મહેસાણા જિલ્લો ગ્રામિણ મહાઅભિયાન ઉજવણીનો કાર્યક્રમ જિલ્લા પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર તેમજ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યકારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

મહેસાણા જિલ્લાને ગ્રામિણ વિસ્તારમાં ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરતા કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લાના પ્રભારી અને શ્રમરોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતુ કે આજે મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ નિમિતે મહેસાણા જિલ્લો ગ્રામિણને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરાયો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાપુની જન્મજયંતિની ઉજવણી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કરવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના લોકોને વિવિધ અપીલ કરવામાં આવી છે તેનો જનતાજનાર્દને સવિશેષ સ્વીકાર કર્યો છે. ગરીબના ઘરમાં ગેસનુ જોડાણ મળે તે માટે ગેસની સબસીડી છોડવાની અપીલ કરી જેમાં કરોડો લોકો સબસીડી છોડવા જોડાયા છે. આ ઉપરાંત સમગ્ર દેશને સ્વચ્છ ભારત નિર્માણ માટે અપીલ કરી જેમાં તમામ સમુદાય, સંગઠનો સહિત આગેવાનો જોડાયા છે.




### સ્વચ્છતા અંતર્ગત અંબુજા ઉદ્યોગ દ્વારા મોતીપુરા ગાર્ડન દત્તક લેવાયુ

સાબરકાંઠા જિલ્લામાં સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત તા. બીજી ઓક્ટોરના રોજ સાબરકાંઠા જિલ્લા સમાહર્તાએ એક ડગલુ સ્વચ્છતા તરફ સ્વચ્છતા અને ગ્રીન ગાર્ડન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત અંબુજા ઉદ્યોગ સાહસના સૌજન્યથી ગ્રીન ઉત્સવ અને સ્વચ્છતા અંતર્ગત મોતીપુરા બાયપાસ પાસેનો ગાર્ડન દત્તક લઈ તેનો ઉછેર સાર સંભાળ સ્વચ્છતા તેમજ ઉદ્યોગ નજીકમાં સ્વચ્છતા ગ્રીન કાર્યક્રમોનું આયોજન ૨જી ઓક્ટોબરથી કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, નગરપાલિકાના પ્રમુખ તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર પણ પારેખ, ગુજરાત અંબુજા ઉદ્યોગના જનરલ મેનેજર હરીશભાઈ જોષી, નગરપાલિકાના કોર્પોરેટરોએ હાજર રહી સ્વચ્છતાના આ કાર્યક્રમમાં જોડાઈ પૂ. બાપુના સ્વચ્છતાના સંદેશને આગળ ધપાવવા આહવાન કર્યું હતું. અંબુજા ઉદ્યોગ દ્વારા ગાર્ડનને સ્વચ્છતા ઉપરાંત લીટ ડેકોરેશનથી શણગારી નવા ફૂલછોડ રોપા, વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવ્યું હતું.

## કંપની સમાચાર

### ભારતમાં સૌ પ્રથમ સફળ કાર્ડીયાક ઓટો ટ્રાન્સપ્લાન્ટેશન

સામાન્ય રીતે હૃદયનું ટ્રાન્સપ્લાન્ટેશન હૃદયરોગના અંતિમ તબક્કે જ કરવામાં આવે છે કે જયારે વેન્ટ્રીક્યુલર ચેમ્બર તેની કામગીરી કરતી નથી તથા તે ફૂલી જાય છે. આ પ્રકારનું પ્રથમ સફળ ટ્રાન્સપ્લાન્ટેશન, કેપટાઉન, દક્ષિણ આફ્રિકા ખાતે ૧૯૬૭માં ક્રિષ બર્નાર્ડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રકારના ઓપરેશનમાં જો કોઈ વ્યક્તિ બ્રેઈન ડેડ થાય તો તેના હૃદયનું ડોનેશન કરવા માટે તેની પૂર્વ મંજૂરી લેવામાં આવે છે, પરંતુ સામાન્યતઃ તેના મોટા ભાગના ઓર્ગન્સ કાર્યરત હોવા જોઈએ. આથી હૃદય ટ્રાન્સપ્લાન્ટેશન માટે કેટલીક સામાજિક, આર્થિક તથા કાનૂની મર્યાદાઓ પણ રહેલી છે. અમેરિકામાં આ માટેની માંગ અંદાજે ૧ લાખ હૃદય ટ્રાન્સપ્લાન્ટેશનની છે. જે સામે અંદાજે આવા માત્ર ૧,૦૦૦ હૃદય ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવે છે એટલે કે ખરેખર જરૂરિયાતના તે માત્ર ૧ ટકા જેટલા જ છે. જ્યાં નિયમિત રીતે આવા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. તેમાં ૭૦ ટકા કરતાં પણ ઓછા ૫ વર્ષીય સર્વાઈવલ દર છે.

ભારતમાં પ્રથમ સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન ૧૯૯૫માં એલએલએમએસ, ન્યુ દિલ્હી ખાતે ડૉ. પી. વેણુગોપાલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભારતમાં અત્યાર સુધીમાં આવા ૧૦૦ જેટલા પણ ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં નથી આવ્યા. સમગ્ર દુનિયાભરમાં કાર્ડિયાર્ક સર્જનો આનો વિકલ્પ શોધી રહ્યાં છે, પરંતુ હજુ સુધી તેમાં તેમને સફળતા મળી નથી.

મેં મારી ટીમ સાથે રાજસ્થાન હોસ્પિટલ ખાતે એક મહિલા દર્દી પર આવુ પ્રથમ 'ઓટો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ' તા. ૧૭મી ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ સફળતાપૂર્વક કર્યુ હતુ. જે પૈકી ૧૯૯૯માં પેરિસમાં ૧૭ વર્ષ પછી આવુ પ્રથમ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

### એન્ડ્યુરન્સ ટેકનોલોજિઝ લિમિટેડ - ઈનિશિયલ પબ્લિક ઓફર ૫ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ખુલશે

**શુક્રવાર ઓક્ટોબર-૭, ૨૦૧૬ના રોજ બંધ થશે**

એન્ડુયરન્સ ટેકનોલોજિઝ લિમિટેડ (''કંપની'') ઓફર બુધવાર, ઓક્ટોબર ૫, ૨૦૧૬ના રોજ પોતાના રૂ. ૧૦ (''ઈક્વિટી શેર્સ'')ની મૂળ કિંમત ધરાવતા અને ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૬૭ થી ૪૭૨ના પ્રાઈસ બેન્ડ સાથે રોકડમાં ૨૪,૬૧૩,૦૨૪ સુધીના ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફરનો પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ આઈપીઓમાં એક્ટિસ કમ્પોનન્ટસ એન્ડ સિસ્ટમ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડ (''એક્ટિસ'') દ્વારા ૧૯,૨૯૫,૯૬૮ ઈક્વિટી શેર અને અનુરાગ જૈન (''પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર'') (સંયુક્તપણે ''સેલિંગ શેરહોલ્ડર્સ'') (''ઓફર ફોર સેલ'' અથવા ''ઓફર'') દ્વારા ૫,૩૧૭,૦૫૬ ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. આ ઓફર કંપનીની ઓફર પછીની સંપૂર્ણપણે ડાયલ્યૂટ થયેલી અને ભરપાઈ થયેલી ઈક્વિટી શેર મૂડીના ૧૭.૫૦ ટકાના હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઓફર શુક્રવાર, ઓક્ટોબર ૭, ૨૦૧૬ના રોજ બંધ થશે. મિનીમમ બિડ લોટ ૩૦ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૩૦ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે.

એક્સિસ કેપિટલ લિમિટેડ અને સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડિયા પ્રા.લિ. આ ઓફરના બૂક રનીંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') છે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્ન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની સુધારાવધારા સાથેની જોગવાઈઓ (''આઈસીડીઆર રેગ્યુલેશન્સ'')ની સાથે સુસંગત એવી રીતે કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો અને બીઆરએલએમના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટના રોજ બિડ કરી શકશે.